3/-
શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન
# ખબર પત્રિકા
પાના ૩૨
વર્ષ-૧૦ • અંક-૬૫ • સળંગ અંક - ૨૪૮૨ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે
દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org
સૂર્યોદય - ૦૬.૧૯.૦૩
સંવત - ૨૦૮૨
અષાઢ વદ-૧૧, શનિવાર
તા. ૦૮-૦૮-૨૦૨૬
સૂર્યાસ્ત - ૦૭.૦૯.૨૯



**હાલાપુરનાં** *અમરીશ જયંતીલાલ શાહ (મારૂ)* (ઉ.૬૦) તા. ૪-૮નાં દેહ પરીવર્તન કરેલ છે. જવેરીબેનના પુત્ર. જયાબેન જવેરચંદના ભત્રીજા. જયેશ, સંજીવ, કેતનના ભાઈ. જ્યોતિ, આરતી, હેમલના દિયર. ઈલાના પતિ. જય, સોનાલીના પિતા. યુવરાજના દાદા. સ્નેહા પરાગ, મીનુ અમિત, ઉર્વશી ઉર્મીલ, સલોની ભાવિનના કાકા. ડુમરાના ચંપા કલ્યાણજી ભાણજી કારાણીના જમાઈ. વડાલાના હેતલ શેઠીયા, મુન્દ્રાના મીના ડો. અતુલ, લઠેડીના સીમા ગીરીશના બનેવી. કપાયાના અમૃતબેન ખીમજી વીરજીના દોહીત્ર.શૈલા કીરીટ, સુકન્યા અશ્વિન, સુનંદા મહેશ, તુંબડીના શિલ્પા નરેન્દ્રના ભાણેજ. સીમા સુનીલ સુરીના વેવાઈ. જીનલ રાહુલ, ફેનીલ, ભાવિકા જીગર, રિધ્ધી ભુમિત, હર્ષ, ગોશ્વા સૌમીલના માસા. ડુમરાના સરસ્વતી ખીમજી, ભારતી વિશનજી, વિંઢના લક્ષ્મીબેન કુંવરજીના ભત્રીજી વર. હાલાપુરના હંસાબેન ખેરાજ, નાનજી કાનજી, નરેડીના દમયંતી હરીનના ભાણેજી વર. **પ્રાર્થના રાખેલ નથી. (ચક્ષુ, ત્વચા, બોન, ટીશ્યુ દાન કરેલ છે)** ઈલા શાહ, એ-૧૩, અશ્વિન એપાર્ટમેન્ટ, એમ.પી. રોડ, મુલુંડ (ઈસ્ટ) મું. ૮૧. ફોન : ૯૮૨૧૦૨૯૭૧૩, સીમા-૯૯૨૦૯૮૦૯૬૦.

4/1/1 -------- (1-1)



**મોટા લાયજાના** *શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા* (ઉ.વ. ૯૦) તા. ૫/૮/૨૦૨૬ ના અરિહંત શરણ પામ્યા છે. માતુશ્રી હીરબાઈ જેઠાભાઈના સુપુત્ર. ચંચળબેન ના પતિ. કિશોર (રાજુ), વિજય, મીનાના પિતાશ્રી. રીટા, રૂપલ, નિતિનના સસરા. રિદ્ધિ, અભિનવ, સિલ્દાર્થના દાદા. રાજવી, સંજનાના નાના. પ્રણવ, મિહિર, દેવીન, ખુશાલીના મોટા સસરા. આરના, અવીર, કબીર, અહાનના મોટા દાદા. યુવરાજ, આર્યાના, આરવ, આર્યનના મોટા નાના. પ્રેમજી, શામજી જેઠાના નાના ભાઈ. મણીબેન પ્રેમજી, ગંગાબેન શામજીના દિયર. મોટા લાયજાના વેલબાઈ ખીમજી થોભણના જમાઈ. શાંતિલાલ, નવીન, નેમચંદ, લક્ષ્મી, લીલા, દમયંતી, સુશીલાના બનેવી. પ્રભા, વિમળા, જયાના નણંદોઈ. માવજી, નવીન, મેઘજી, ઝવેરચંદ ના સાઢુભાઈ. વડાલાના રૂક્ષ્મણીબેન હીરજીભાઈ નિસર, બારોઈના નિર્મળાબેન નેમજીભાઈ ગાંગજી, ગજોડના નિર્મળાબેન ભવાનજીભાઈ દેઢિયાના વેવાઈ. **પ્રાર્થના : શનિવાર, તા. ૮/૮/૨૦૨૬. સાંજના ૪.૦૦ થી ૫.૩૦. સ્થળ : યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર-ઈસ્ટ.** નિવાસ : શ્રી જગશી જેઠાભાઈ છેડા : મેરૂ હાઈટ્સ, ૮ મે માળે, તેલંગ રોડ, માટુંગા (સે.રે.), મુંબઈ-૪૦૦૦૧૯. મો. : ૯૮૨૦૯૩૪૮૮૮.

4/1/1 -------- (1-2)

**સમસ્ત મુંબઈનાં યંગસ્ટર્સ, યંગ કપલ્સ માટે SOS ધાર્મિક સેશન્સ**

આવતી કાલ, તા. ૯ ઓગસ્ટ, રવિવાર - સવારના ૧૦ થી ૧૨ વાગ્યા સુધી. ૧૨ ભિક્ષુની પડિમા - અલૌકિક ત્યાગ માર્ગ, ૧૨ Bhikshuni Padima - Unstoppable Journey !!

- ઉપરોક્ત રસપ્રદ વિષય પર સરળ Practical સમજ, કોઈ Boring Lecture નહીં, ફક્ત સહજ ધાર્મિક વાતાવરણ અને Same age કલ્યાણ મિત્રો સાથેનું યુવા ધાર્મિક સેશન. સ્પીકર - વિનલબેન ગંગર
- સમસ્ત મુંબઈના યંગસ્ટર્સ, યુવા couples ને લાભ લેવા વિનંતી, ખાસ વડીલો એમને પ્રેરણા આપી મોકલશો.
- સ્થળ : શાંતાબેન દામજીભાઈ એન્કરવાલા આરાધના ગૃહ, ૪૦૧, સીવીક સેન્ટર, દાદર (ઈ).
- ઉપરના વિષય પર તા. ૨૩ ઓગસ્ટ, રવિવારના સ્થળ - ૩૧૨-સ્વપ્ન લોક બિલ્ડીંગ, ૧૧ મે માળે, પંતનગર, ઘાટકોપર (ઈ)
- ચિંતા મટાડી શાંતિ આપે એ જ તો ખરો ધર્મ છે, તો સહુ મળી ધર્મ આરાધના કરીએ. પૂછપરછ માટે સંપર્ક : 9820369999 લિ. શ્રી આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સકળ સંઘ.

4/1/1(28) -------- (A-8943)(1-3)

**શ્રી ચેમ્બુર આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ**
**પુણ્યનો પ્રભાવ : સુખનો અભાવ**

શ્રી સંઘનાં ઉપક્રમે આવતી કાલે સમૂહ સામાયિક અને ધર્મ આરાધનાનું આયોજન કરવામાં આવેલ છે. સૌ શ્રાવક-શ્રાવિકાઓએ જરૂરથી લાભ લેવા નમ્ર નિવેદન.

- તા. ૯-૮-૨૬ (રવિવાર)
- સમય : સવારે ૯.૩૦ વાગે.
- વક્તા : સુશ્રાવક શ્રી વૈભવભાઈ ગાલા (દેશલપુર/અંધેરી)
- વિષય : પુણ્યનો પ્રભાવ : સુખનો અભાવ.
- સ્થળ : સમ્યક્ જ્યોત આરાધના હોલ,૧૦૧, સાઈ સંસાર, ૧૦ મો રોડ, શ્રી જૈન દેરાસરની નજીક, ઝેન હોસ્પીટલની બાજુમાં, ચેમ્બુર, મુંબઈ-૭૧.
- લિ. કન્વીનર. (સંપર્ક : 9833112909)

4/1/1(17) -------- (A-8944)(1-4)

**(JYF) જૈન યુથ ફોરમ**
**સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ**

આજે મારા એરીયાથી પાંચ કિ.મી. ઉપરાંત બહાર જવું નહીં. (દિશા મર્યાદા કરવા માટે)

- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- આગામી કાર્યક્રમ : ૨૫૦૦ વડીલો સાથે ૩ સફળ પ્રયોગ થયા બાદ ચોથો પ્રયોગ (૨૬ ઓગષ્ટ થી ૫ સપ્ટેમ્બર) રજીસ્ટ્રેશન માટે સંપર્ક : ૯૩૭૨૯૭૬૬૬૫.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(19) -------- (A-8941)(1-5)

**શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ**
૨૨૬-૨૩૨ નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર જૈન દેરાસર, મુંબઈ-૪૦૦૦૦૯.

**મહાજનશ્રીના ભૂતપૂર્વ મેનેજીંગ ટ્રસ્ટી તથા ચેરમેન**
**શ્રી જગશીભાઈ છેડા ને**
**હૃદયપૂર્વક શ્રધ્ધાંજલી**



ગામ મોટા લાયજા
મુંબઈ માટુંગા

**શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા**
દેવલોકગમન : તા. ૦૫/૦૮/૨૦૨૬

શ્રી ક.વી.ઓ.દેરાવાસી જૈન મહાજનના ભૂતપૂર્વ મેનેજીંગ ટ્રસ્ટી તથા ચેરમેન સંઘના સંનિષ્ઠ કાર્યકર એવા વડીલ શ્રી જગશીભાઈ લાગણીશીલ, પરોપકારી, કરૂણાહૃદયી, પ્રેમના પરિમલ મૂર્તિ, સંઘના દરેક કાર્ય માટે સદાય તત્પર રહેનારા શ્રી જગશીભાઈ ના દુઃખદ અવસાનથી મહાજનશ્રી શોકની લાગણી અનુભવે છે...
પ્રભુ એમના આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના....

લિ. ટ્રસ્ટી, કોર કમિટી, અધિકારી અને કારોબારી સમિતિના સભ્યો
**શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન**

**શ્રી પાર્શ્વચંદ્ર સૂરીશ્વરાય નમઃ**

શ્રી પાર્શ્વચંદ્ર બાલ યુવા મંડળ મુંબઈ આયોજીત કચ્છ ગુજરાત દર્શન વંદન ચૈત્ય પરિપાટી યાત્રાનું આરામદાયક આયોજન કરેલ છે. તા. ૨૫/૦૯/૨૦૨૬ ને શુક્રવારે મુંબઈ દાદર થી સયાજીનગરી એક્સપ્રેસ દ્વારા પ્રયાણ. તા.૨૬/૦૯/૨૬ ના સવારના ગાંધીધામ થી AC બસ દ્વારા યાત્રાની શરૂઆત શ્રી ભદ્રેશ્વર તિર્થ - મોટી ખાખર - નાની ખાખર - નાના ભાડીયા દુર્ગાપુર થી ચુલી તિર્થ રાત્રી રોકાણ. તા. ૨૭/૦૯/૨૬ ચુલી તિર્થ થી નવકારશી બાદ ધાંગધ્રા - માંડલ - પુણ્ય ધામ - વિરમગામ અમદાવાદ રાત્રી રોકાણ. તા. ૨૮/૦૯/૨૬ અમદાવાદ થી પાલડી -શામળાજી ની પોળ માતર તિર્થ થી મણીલક્ષ્મી તિર્થ - ખંભાત તિર્થ દર્શન વંદન યાત્રા પૂર્ણ કરી - વડોદરા થી રાત્રે ટ્રેન માં પ્રસ્થાન તા.૨૯-૯-૨૬ વહેલી સવારે મુંબઈ આગમન. યાત્રાનો નકરો સ્લીપર ક્લાસ ૪૦૦૦/-, 3 AC ૫૨૦૦/- વહેલા તે પહેલાના ધોરણે નામ જલ્દી થી લખાવશો. જય જિનેન્દ્ર સહ પ્રણામ. નામ લખાવવા સંપર્કઃ ચુનીલાલ દેઢીયા -૯૧૬૭૬૪૩૪૪૬.

4/1/1(29) -------- (A-8973)(1-6)

**શ્રી નાગલપુર જૈન મહાજન**
**સંજીવની સ્વાસ્થ્ય યોજના ૨૦૨૬**

દાતાશ્રીઓનાં સહયોગથી ઉપરોક્ત યોજના અંતર્ગત જરૂરીયાતમંદ સાધર્મિકને સંજીવની સ્વાસ્થ્ય યોજનામાં રૂા. ૨,૦૦,૦૦૦ (બે લાખ)ની પર્સનલ પોલીસીનાં પ્રીમીયમમાં યથાયોગ્ય રાહત આપવામાં આવશે. સંજીવની પ્રીમીયમમાં રાહતની અરજી સાથે નીચે જણાવ્યા મુજબ માટુંગા ઓફિસમાં તા. ૧૮-૦૮-૨૦૨૬ સુધી મોકલી આપવી. માટુંગા કાર્યાલય : C/o. શ્રી નવિનભાઈ ઉમરશી ગંગર, પ્રભા સ્મૃતિ, ૧લે માળે, ૪૬૧/સી, ભાઉદાજી માર્ગ, કીંગ સર્કલ, માટુંગા (સે.રે.), મુંબઈ-૧૯.

- (૧) અરજદારનું પુરૂ નામ, ઉમર, આવકની વિગત અને મોબાઈલ નંબર.
- (૨) ભરાયેલ પ્રીમીયમની રસીદ
- (૩) બેંક પાસબુકમાં પ્રીમીયમનો ચેક પાસ થયાની નોંધ
- (૪) છેલ્લા ત્રણ મહીનાનાં ઈલેક્ટ્રીક બીલ/ ભાડા રસીદ અથવા મેઈન્ટેનન્સ બીલ અથવા લીવ લાયસન્સ એગ્રીમેન્ટ.
- (૫) આધાર કાર્ડ અને પેન કાર્ડ બંનેની ઝેરોક્સ કોપી
- કોકીલ ગંગર-9004366577, 9082192655
- સુરેન્દ્ર છેડા-9321391548, 9820493538.

લિ. શ્રી નાગલપુર જૈન મહાજન.

4/1/1(43) -------- (A-8999)(1-7)

# જીવદયા અનુદાન

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એન્કરવાલા અહિંસાધામ ૯૭૨૬૪૮૫૫૫૫**

● ૧૩૦૫૦/- જાંમ્બુવાણી પરીવાર હ. વિશાલ ટીમ્બર એન્ડ પ્લાયવુડ દહીંસર-મદનપુરા (કોડાય)
● ૧૨૦૦૦/- ઈશા સચીન ગજરાજજી જૈન ગાય દત્તક યોજના-અલીબાગ.
● ૫૮૦૦/- બુધારામ ઉકારામ ચૌધરી : ભગવતી સ્ટેશનરી ઝેરોક્સ : અંધેરી-બાડમેર
● ૫૫૫૦/- દિવ્યેશ ચંદુલાલ સાવલાનાં જન્મ દિવસ નિમિત્તે : ઘાટકોપર-નાની તુંબડી
● ૨૦૦૦/- મયુર ફર્નિચર : કાંદીવલી-ચીજરા
● ૨૦૦૦/- દેવી નવરત્ન જૈન-ચર્ચગેટ
● ૨૦૦૦/- ન્યુ સીટી સેન્ટર રામલાલ ચૌધરી : જોગેશ્વરી-નાડોલ
● ૨૦૦૦/- બાસુરી : સાંતાક્રુઝ-ગુંદાલા
● ૨૦૦૦/- દેવદાસ ઉપેન્દ્ર પ્રભુ : વિલેપાર્લા-ગોવા
● ૨૦૦૦/- માય બેબી હ. દેવરાજ પરમાર, સોહનલાલ પરમાર : દાદર-રાજસ્થાન.
● ૨૦૦૦/- કીશન ફુડ્સ હ. સંદીપભાઈ : ડોંબીવલી-અમરેલી.
● ૨૦૦૦/- સૃષ્ટી હ. તુષારભાઈ સી. શાહ : ડોંબીવલી.
● ૧૮૫૦/- દર્શન જેન્ટસ એન્ડ બોયઝ વેઅર : બોરીવલી-નાના આસંબીયા
● ૧૭૫૦/- કીડસ સ્ટેશન હ. રીના મહેશ દેઢીયા : મુલુંડ-નાની ખાખર
● ૧૭૫૦/- સાઈનાથ વોચ : મુલુંડ
● ૧૭૦૦/- માતુશ્રી વસંતબેન મનસુખલાલ શાહ : મલાડ-મંજલભુજ
● ૧૬૫૦/- ગાલા સ્ટોર્સ : બોરીવલી-ગુંદાલા
● ૧૬૦૦/- અમર ચંદ્રકાંત માલદે : દહીંસર-જામનગર
● ૧૬૦૦/- નવિન ઉમરશી દેઢીયા : અંધેરી-કપાયા
● ૧૬૦૦/- ભૈરવચંદ નરપતચંદ જોગીડ : અંધેરી-બાડમેર
● ૧૫૫૧/- ચીકુ અનિલ શાહ ૩૧ જુલાઈની પુણ્યતિથિ નિમિત્તે હ. રીષી અનિલ શાહ : ડોંબીવલી-નરેડી.
● ૧૫૦૦/- ડેલીયાના અમર માલદે હ. જીગર ટેલીકોમ : દહીંસર-જામનગર.
● ૧૫૦૦/- હસમુખભાઈ કે. છેડા : કાંદીવલી-મેરાવા
● ૧૫૦૦/- સ્વીસ ટાઈમ : અંધેરી-ગોધરો
● ૧૫૦૦/- હસમુખલાલ વીરપાર સાવલા-મલાડ
● ૧૫૦૦/- નિર્મલા નવિનચંદ્ર ભીમશી મામણીયા : સાકીનાકા-પુનડી.
● ૧૩૫૦/- મહાવીર હોમ હ. અરવિંદ હરીયા-સાંતાક્રુઝ
● ૧૨૦૦/- રત્નપ્રભા જ્વેલર્સ : મુલુંડ-રાજસ્થાન
● ૧૨૦૦/- એશીયન ઓપ્ટીકલ : સાંતાક્રુઝ-મોરબી.
● ૧૧૨૫/- મેકેસરીઝ કેસીસ એન્ડ મોર : કાંદીવલી-રાજસ્થાન.
● ૧૧૧૧/- હીતેશ કાંતીલાલ છેડા : જોગેશ્વરી-રાયણ.
● લિ. ગુલાબચંદ હરીયા (નરેડી) ૯૩૨૨૭૯૧૧૧૨, જવેરચંદ ગાલા (ભોજાય) ૯૯૨૦૦૫૯૩૫૮.

4/1/1(26) -------- (A-8946)(2-1)

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એન્કરવાલા અહિંસાધામ ૭૦૪૫૪૩૫૫૪૫**

● ૨૦૦૦/- કિરણ ઈન્ફોસીસ્ટમ : વિદ્યાવિહાર-સુરેન્દ્રનગર
● ૧૭૮૦/- સ્વ. માતુશ્રી વિમળાબેન ઠાકરશી ગાલા હ. લેડી કેર : વિલેપાલા-સાડાઉ
● ૧૧૧૧/- મંજુલા ઠાકરશી ગડાના લગ્ન દિવસ નિમિત્તે : માટુંગા-નાના ભાડીયા
● ૧૧૧૧/- ફેયા ચંદ્રેશ મારૂનાં જન્મ દિવસ નિમિત્તે : દાદર-ડેપા
● ૧૧૧૧/- માતુશ્રી મણીબેન મુરજી છેડા હ. અનીલ છેડા : અંધેરી-ડોણ
● ૧૧૧૧/- પ્રેક્ષા હરખચંદ ખીમજી દેઢીયાનાં જન્મ દિવસ નિમિત્તે : મલાડ-ટુંડા
● ૧૧૧૧/- સ્વ. મંજુલાબેન પ્રફુલ ગાલાની ૨જી પુણ્યતિથિ નિમિત્તે . રક્ષા કપીલ ગડા : મલાડ-ગુંદાલા.
● ૧૧૧૧/- આદિનાથ હેન્ડીક્રાફ્ટ હ. જયંતીલાલ જસરાજ શાહ : કાંદીવલી-લાખાપર
● ૧૧૦૦/- રીધ્ધી દિનેશ પ્રેમજી છેડા : કાંદીવલી-ગોધરો
● ૧૧૦૦/- મે. કમલકુમાર શંકરલાલ જ્વેલર્સ : વિરાર-રાજસ્થાન
● ૧૧૦૦/- શ્રી ગણેશ એન્ટરપ્રાઈઝ હ. અનીલભાઈ ટોપ ટેન : માટુંગા-ભચાઉ
● ૧૧૦૦/- માતુશ્રી સ્વ. રંજનબેન કેશવજી પાસડ : જોગેશ્વરી-કોટડા રોહા
● ૧૧૦૦/- વરદાન ગોલ્ડ દેવેન્દ્ર રાજપુત : જોગેશ્વરી-ચારભુજા
● ૧૧૦૦/- સંજયભાઈ ખુંબીલાલ જૈન - જોગેશ્વરી
● ૧૧૦૦/- અશ્વિનભાઈ નાનજી હરીયા : ગોરેગામ-મોટી વરંડી
● ૧૧૦૦/- માતુશ્રી મણીબેન ભવાનજી વોરાનાં આત્મા સ્મરણાર્થે : મલાડ-બિદડા
● ૧૧૦૦/- મહેક મનસુખ અમૃતલાલ દેઢીયા : ઘાટકોપર-ટુંડા
● ૧૧૦૦/- મયુર ક્રીએશન : સાંતાક્રુઝ-ભુજપુર
● ૧૧૦૦/- સ્વ. હીરજી લખમશી વિસરીયાનાં આત્મા સ્મરણાર્થે હ. મનોજ વિસરીયા : સાંતાક્રુઝ-દેશલપુર.
● ૧૧૦૦/- માતુશ્રી અમૃતબેન લક્ષ્મીચંદ રાંભીયા : વિલેપાર્લા-રામાણીયા
● ૧૧૦૦/- રીધમ ઓપ્ટીક્સ હ. ગીરીશ હીં મતલાલ શાહ : મુલુંડ-પોરબંદર.
● ૧૧૦૦/- પારસ લાઈમ ડેપો : જીગ્નેશ જોતરારા લેન : ડોંબીવલી-મુંદ્રા
● ૧૧૦૦/- પ્રભાબેન મુકેશ દામજી છેડાનાં જન્મ દિવસ નિમિત્તે : વાશી-મોખા
● ૧૧૦૦/- હેતલ અજીત વીરાનાં લગ્ન દિવસ નિમિત્તે : ગ્રાન્ટ રોડ-ભીંસરા
● ૧૧૦૦/- નીહાર મુકેશ દેઢીયાનાં જન્મ દિવસ નિમિત્ત : ડોંબીવલી-નાની ખાખર.
● ૧૧૦૦/- વાસંતીબેન નેમજી છેડાના જન્મ દિવસ નિમિત્તે : વડાલા-ડેપા.
● ૧૧૦૦/- ચંદ્રકાંત ડુંગરશી ગાલાનાં જન્મ દિવસ નિમિત્તે : ડોંબીવલી-ખારૂઆ.
● ૧૧૦૦/- મનીષા જયંતીલાલ સતરા હ. હીના જયંતીલાલ સતરા : મલાડ-લાખાપર.
● લિ. અરવિંદ ગાલા (નરેડી) ૯૮૩૩૨૪૬૨૪૩, દીલીપ પાસડ (કોટડા રોહા) ૯૩૨૪૪૮૭૯૦૧.

4/1/1(25) -------- (A-8945)(2-2)

**શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત**
**શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા**

રૂા. ૮૮૦૦૦/- (૮ ગાય દત્તક)

● રૂા. ૫૫૦૦૦/- ગામ : કપાયા હાલે બિદડાના શ્રીમતી રંજનબેન રવીલાલ સંગોઈના લગ્ન જીવનની ૫૦મી એનીવર્સરી ગોલ્ડન જુબલી) પ્રસંગે પાંચ ગાય દત્તક.
● રૂા.૧૧૦૦૦/- ગામ : કપાયાના માતુશ્રી રતનબેન હંસરાજ સંગોઈ તરફથી એક ગાય દત્તક.
● રૂા. ૧૧૦૦૦/- ગામ : કપાયાના શ્રીમાન હંસરાજ ખેરાજ સંગોઈ તરફથી એક ગાય દત્તક.
● રૂા. ૧૧૦૦૦/- ગામ : નવિનાળના માતુશ્રી મણીબેન રામજી વોરાના ૯૧માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે એક ગાય દત્તક.
● શ્રીમતી રંજનબેન રવીલાલ સંગોઈનો જીવન સુખી, સમૃધ્ધિ અને નિર્વિધ્ન રહે તથા અબોલ જીવોને યાદ કરી જીવદયા અનુદાન કરવા બદલ સંસ્થા ખુબ ખુબ અનુમોદના કરે છે. આ પરિવાર અવાર-નવાર જીવદયા અનુદાન કરતા હોય છે અને તે નવ નિર્માણ ના સહભાગી પણ છે. ગૌમાતાના આશિર્વાદ સમસ્ત સંગોઈ અને વોરા પરિવાર ઉપર સદૈવ વરસતા રહે એજ ઉપરોક્ત સંસ્થા વતિ પ્રભુને પ્રાર્થના. સહ આભાર.
● સંપર્ક : શાંતિલાલ દેઢિયા : 9967000661, દિનેશ રાંભા : 9819146799.

4/1/1(6-P) -------- (A-8901)(2-3)

**શ્રી ધનજીવાડી કબુતરખાના મલાડ (ઈસ્ટ) દાતાઓનો આભાર માને છે**

૬૦૦૦ ભવાનીશંકર ઉદ્યોગ પ્રા.લિ. મુંબઈ, ૧૧૦૦ જશ કુનાલ વીરા, ૪૦૦૦ હીતુલ મણીલાલ સાવલા, ૧૦૦૦ મેઘજી આસુ છેડાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે હ. પુષ્પાબેન મેઘજી છેડા પરીવાર તરફથી-રતાડીયા ગણેશવાલા, ૧૦૦૦ અરવિંદ ભાણજી છેડા ઘાટકોપર ગા. બિદડા, ૧૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી મલાડ (વે.) માલવણી, ૧૦૦૦ બીનાબેન અનિલ દેઢીયા મલાડ ગા. તલવાણા, ૫૦૦૦ ગીરીશ જાદવજી સૈયા કાંદીવલી ગા. ગેલડા, ૧૦૦૦ વિરમ હેમરાજ છાડવા રામુબેનનાં આત્માની શાંતિ માટે હ. વિરમ હેમરાજ છાડવા તરફથી મલાડ (ઈ.) રોકડ તથા ચેક માટે સંપર્ક : ૯૩૨૧૯૯૨૯૯૪, ૯૮૨૦૯૯૧૦૧૫. લિ. શ્રી ધનજીવાડી ક.વી. ઓ. જૈન ચેરીટેબલ ટ્રસ્ટ રજીસ્ટર્ડ.

4/1/1(4) -------- (A-8783)(2-4)

**વિલેપાર્લે (ઈસ્ટ) વેચાણથી ફ્લેટ**

3 BHK ફ્લેટ, ૨ માસ્ટર બેડરૂમ, ૩ બાથરૂમ, ૧૦૬૦ કાર્પેટ, ૧૩૦૦ યુઝેબલ, ૧ પાર્કિંગ, ફર્નિશ્ડ મોકાનો ફ્લેટ, બીજે માળે, ફુલ્લી હવા ઉજાસ, પ્રખ્યાત સોસાયટી, રૂફટોપ ગાર્ડન, જીમ, ક્લબ હાઉસ, સ્કુલ કોલેજ, સ્ટેશન, માર્કેટ, એરપોર્ટ, મેટ્રો સ્ટેશન, હાઈ વે બધુ ૫ મિનીટના અંતરે ઓનર અનિક સંગોઈ-૮૧૬૯૩૯૦૯૮૦.

4/1/1(37) -------- (B-8974)(2-5)

**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ**
☎ ૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ ☎
www.kvoss.org

**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ શુભેચ્છક દાતા**

તા. ૮ ઓગસ્ટ માટે માતુશ્રી કસ્તુરબેન નાનજી રામજી ગાલા (ચાંગડાઈ)નાં પૌત્ર ચિ. અંકિતનાં ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશાગમનની ખુશાલી નિમિત્તે હસ્તે સંધ્યા, પ્રફુલ્લ, કવિતા, જયેશ (સાડાઉ - ભાંડુપ) તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(20) -------- (A-8940)(2-6)

**સમ્યક ધર્મ આરાધના મંચ- મલાડ**

રવિ. તા. ૦૯/૦૮ સવારનાં ૮.૪૫ થી ૧૧, દર્શનાબેન દ્વારા ૨૫ મિથ્યાત્વ પર વિવેચન હશે. સ્થળ : ગાલા બ્લોસમ, મલાડ (વે.) સૌજન્ય : નિર્મળાબેન તલકશી ભાણજી સતરા (લાખાપુર). લિ. મંત્રી

2/1/1(1) -------- (A-8910)(2-7)

**સુધારો : શ્રી કાંડાગરા પાંજળાપોળ**

તા. ૦૬-૦૮-૨૦૨૬ ના આવેલ જાહેરાતમાં ગોળ નો જમણવાર : - 100 KG અલાઈશા ધ્રુનલ છેડા, 100 KG આન્યા કેયુર છેડા એમના જન્મદિવસ નિમિત્તે અને 50 KG કેશવજી નરશી છેડાની ૭ મી પુણ્યતિથી નિમિત્તે હ. પૂર્વી કેયુર છેડા, હિરલ ધ્રુનલ છેડા - કાંડાગરા.
● લીલા ચારાનો જમણવાર :- ૫૦ મણ અલાઈશા ધ્રુનલ છેડા, ૫૦ મણ આન્યા કેયુર છેડા એમના જન્મદિવસ નિમિત્તે અને ૫૦ મણ કેશવજી નરશી છેડાની ૭મી પુણ્યતિથી નિમિત્તે હ. પૂર્વી કેયુર છેડા, હિરલ ધ્રુનલ છેડા - કાંડાગરા એમ સુધારીને વાચવું, ભુલચુક માટે ક્ષમા યાચના, લિ. ટ્રસ્ટીઓ.

4/1/1(24) -------- (A-8935)(2-8)

**પૂ.આ.શ્રી વિનયેન્દુ ખીચડી ઘર ચારકોપ-કાંદીવલી**

ગચ્છાધિપતી આ. પૂ. દેવજી સ્વામી ની ગાદી અમર તપો, અનશન વ્રતધારી આ. ભોળીયા ભગવાન બા.બ્ર. પૂ. ભાઈચંદ્રજી મ.સા. ને નિત્ય વંદન. ખુશી કો બાંટના શીખીએ,ઔરોંકો ખીલાના શીખીએ, યહી તો હૈ જીંદગી મેરે દોસ્ત, જીંદગી કો જીના શીખીએ. ગામ : વડાલા હાલે મલાડ ના ચિ. ભાવ્ય રાજીવ ગાલા ના હેપી બર્થડે પ્રસંગે ઈડલી -ચટણીનું અનુદાન સંપ્રાપ્ત થયેલ છે, તેમજ ગામઃ પ્રતાપૂરના હાલે કાંદીવલી સ્વ. માતુશ્રી વેલબાઈ પિતાશ્રી વશનજી વેલજી ધર્મપત્ની કુસુમબેન અને ભાઈશ્રી દિલીપ ની પુણ્યતિથિ નિમિત્તે સેવ - બુંદી નું અનુદાન સંપ્રાપ્ત થયેલ છે. હ. જયંતિલાલ વશનજી વીરા. ઉપરોકત દરેક દાતા પરિવારના દાન ધર્મની ભૂરી ભૂરી અનુમોદના. લી. પૂ. આ. શ્રી વિનયેન્દુ ખીચડીઘર ચારકોપ-કાંદીવલી. સંપર્ક : મો. ૯૮૨૦૭૯૧૮૫૦. શ્રી મયંકભાઈ મહેતા. જા.સૌજન્ય : Shloka Fasions Dadar હ. પરીન અમૃતલાલ સતરા ગામઃ ગુંદાલા નીખીલ લક્ષ્મીચંદ ખીમસીઆ ગામઃ ભોરારા.

4/1/1(18) -------- (A-8942)(2-9)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

## 'જુનુ સોનુ ચાંદી'

જુનુ સોનુ ચાંદી હીરા મોતીના દાગીના કસર કાપ્યા વગર ખરીદશું.

- સોનુ : 1,45,000/- 24 K
- ચાંદી : 2,28,000/- 1 Kg
- ડીઝાઈનર સર્ટીફાઈડ ડાયમંડ જ્વેલેરી પર 15% Discount.
- વલ્લભદાસ & સન્સ જ્વેલર્સ, શોપ નં. ૬ જવેરી બીલ્ડીંગ, ડી.જે.રોડ, સ્ટેશન સામે, વિલેપાર્લા (વે.) Mob. 9930644520.

4/1/1(1) -------- (N-8779)(3-1)

**સંગોઈ હીના પાર્લા જૈન મીની લંચ બોક્સ ૧૬૦/- વેક્યુમ થેપલા ૩૦ દિવસ ટકે, મીઠાઈ**

દેશી ગોળની મીઠાઈ, ગુંદરપાક, ફીણીયા લાડુ, મગજ, ચુરમા, કચ્છી મોદક, મેથી, ખોપરા ડ્રીક લાડુ, ખોપરા પાક-૮૪૦/- ગોળ મોહન થાળ, બુંદી લાડુ, ગોળ પાપડી ૮૨૦/-, પ્લેન કાજુ કતરી, ખજુર સુગર ફ્રી રોલ ૧૧૦૦/-, ગાંઠીયા, ચકરી, ચેવડો-૪૦૦/-, પુરી-મેથી, મસાલા, જીરા, ફરસી, સક્કરપારા, મુંગદાળ, ચકરી-૪૮૦/- અથાણા-બીજોરા, છુંદો - ૪૦૦/-, વેક્યુમ થેપલા, ૬૨૦/- નરમ થેપલા, મસાલા થેપલા-૪૮૦/- વેક્યુમ પરાઠા, સાદા, જીરા, અમૃતસરી મસાલા, આચારી મસાલા રોટલી-૭૨૦/- પાતળી કેળાની વેફર, મરી, તીખી, પીળી-૫૫૦/- પાતળી ચીક્કી, તલ, સીંગ, કસર્સીંગ, રાજગરા ૫૨૦/- ફ્રી હોમ ડીલીવરી ૩ કિલો ઉપર મો. 9833890984.

4/1/1(7) -------- (B-8617)(3-2)

**મફત દાંતનું ચેકઅપ અને રાહત દરે સંપૂર્ણ ડેન્ટલ ટ્રીટમેન્ટ હવે અંધેરી (વેસ્ટ)માં**

આપણા સમાજ માટે અને ઈતર સમાજ માટે રાહત દરે સંપૂર્ણ દાંતની સારવાર મળશે. ફુલ માઉથ ડેન્ટલ ટ્રીટમેન્ટ મળશે રાહત દરે. (પૂર્ણ પેકેજ માટે સંપર્ક કરો જેએમજી ક્લિનિક ને) ઈન્સ્ટોલમેન્ટમાં પેમેન્ટ કરવાની સુવિધા ઉપલબ્ધ. અનુભવી ડોક્ટર દ્વારા સારવાર, અદ્યતન મશીનરી અને સ્વચ્છ વાતાવરણ, દર્દી-મૈત્રીપૂર્ણ સેવા દાંત નું ચેક અપ- મફત દાંત કાઢવાના -૩૫૦/- (ઓપરેશન વગર) રુટ કેનાલ - ૧૫૦૦/- એક્રેલિક દાંત ની કેપ - ૫૦૦/- સિરામિક કેપ - ૨૫૦૦ /- ઝેરકોનીયા કેપ - ૬૦૦૦/- દાંત ની બત્રીસી - ૧૦૦૦૦/- ડેન્ટલ ઈમ્પ્લાન્ટ - ૨૨૦૦૦/- ડેન્ટલ એલાઈનર્સ (ફુલ ટ્રીટમેન્ટ) 34000 Rs to 88000 rs. 3 years warranty, 15000 retainers additional. દાંતના ડોક્ટર : ડો. સોનાલી. સંચાલક - માણસી ભાઈ ગાલા જે.એમ.જી. ક્લિનિક (અંધેરી વેસ્ટ). સમય સવારે ૧૦.૦૦ થી સાંજે ૮.૦૦ સુધી. લોકેશન - એ૧ - ૨૦૨, ક્રિસ્ટલ કલેર આઈ એન્ડ ડેન્ટલ ક્લિનિક, લારામ સેન્ટર, સુનિલ જવેલર્સ ની ઉપર, નાડકો શોપિંગ ની બાજુ માં, એસ. વી. રોડ, અંધેરી વેસ્ટ રેલ્વે સ્ટેશન ની સામે. ફોન : 8433742300, 7718885245.

4/1/1(5) -------- (B-8760)(3-3)

**ખારેક - ડ્રેગન - દાડમ**

કચ્છની ઓરગેનીક મીઠી મધુરી ખારેક, ડ્રેગન ફ્રુટસ, દાડમ, એપલ, શીંગોડા, પેર, પલ્મ, પેરૂ, સંતરા, મોસંબી તથા હોમ મેડ નાનખટાઈ ૨૫૦ ગ્રામની પેકીંગમાં ઓટસ, ચોકલેટ, નાચણી, ડ્રાયફ્રુટ્સ નાન ખટાઈ સાધુ-સાધ્વીજીને વહોરાવી શકાય તેવી શુધ્ધ ઘી માં બનાવેલ સ્વાદિષ્ટ ઓલ ઓવર મુંબઈમાં ફ્રી હોમ ડીલીવરી. ફક્ત ૨ કલાકમાં તમારા ઘર સુધી 8169519103, 9867432947. જય ગાલા.

4/1/1(3) -------- (B-8819)(3-4)

**લેસિક મેળો ૨૦૨૬**
**૧૫ અને ૧૬ ઓગસ્ટ ૨૦૨૬**

યુવા પેઢી માટે ચશ્માથી મુક્તિ મેળવવાની સુવર્ણ તક ! વિશ્વની સૌથી ઝડપી Excimer LASIK મશીનોમાંની એક-SCHWIND AMARIS દ્વારા સારવાર. ખાસ મેળા દર: બ્લેડ લેસિક સર્જરી માત્ર રૂા. ૮,૦૦૦/-, બ્લેડલેસ લેસિક સર્જરી- માત્ર રૂા. ૨૦,૦૦૦/-. આ લેસિક મેળો આપણા સમાજ તેમજ અન્ય તમામ સમાજના યુવક-યુવતીઓ માટે ખુલ્લો છે. LASIK માટે આંખની તપાસ: ૨૪ જુલાઈથી ૧૪ ઑગસ્ટ ૨૦૨૬ દરમિયાન. ક્રિસ્ટલ ક્લિયર આઈ ક્લિનિક, B-125, લારમ સેન્ટર, એસ. વી. રોડ, અંધેરી વેસ્ટ, મુંબઈ. વહેલી નોંધણી શરૂ, મર્યાદિત જગ્યાઓ, પ્રથમ આવનારને પ્રથમ પ્રાધાન્ય. ડો. જિજ્ઞેશ ગાલા FRCS (Ophth) Glasgow-UK MRCS Ed FICO (UK). નોંધણી અને સંપર્ક: 77188 85245. આજે જ નોંધણી કરો અને LASIK મેળામાં ભાગ લો! LASIK માટેની યોગ્યતા આંખની સંપૂર્ણ તપાસ બાદ નક્કી કરવામાં આવશે. શરતો લાગુ.

2/1/1(6) -------- (B-8733)(3-5)

**પ્રોપર્ટી Loan 8.00%***

આદરણીય જ્ઞાતિજનો માટે 0%* સર્વિસ ચાર્જ તમારી પ્રોપર્ટી પર હવે મેળવો. Mortgage Loan માત્ર 8%* થી. વેપાર માટે અથવા પર્સનલ જરૂરીયાત માટે સંપર્ક કરો. શીતલ ગ્રુપ, બોરીવલી (વે) અંબાવી હાથીયાણી-7700007204.

4/1/1(16) -------- (N-8925)(3-6)

**દાદર-માટુંગા**

૩ બેડ (૪ વોશરૂમ) વેચાણમાં. 4.25 Cr. (Neg.) મનોજ મારુ-9821184125.

4/1/1(14) -------- (B-8928)(3-7)

**વિલેપારલે (ઈસ્ટ) વેચાણથી**

સ્પેશીયસ 3 BHK ૧૦૬૪ કારપેટ, પ્રાર્થના સમાજ રોડ, બ્રાન્ડ ન્યુ બીલ્ડીંગ, વીથ ૨ પાર્કીંગ, વીથ OC, રેડી ટુ મુવ. હાયર ફ્લોર. નવકાર એસ્ટેટ. ધીરેન ગડા (પત્રી) 9594925992, જતીન વીરા (દેશલપુર) 9119512675.

4/1/1(12) -------- (B-8930)(3-8)

**અંધેરી (ઈસ્ટ) વેચાણથી**

કોલ ડોંગરી, શિવમ ટાવરમાં સ્પેશીયસ 3 BHK ૧૩૮૦ કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, હાયર ફ્લોર, ઈસ્ટ વેસ્ટ એન્ટ્રી, વીથ ૨ પાર્કીંગ, રજી. સોસાયટી વીથ OC. નવકાર એસ્ટેટ. ધીરેન ગડા (પત્રી) 9594925992, જતીન વીરા (દેશલપુર) 9119512675.

4/1/1(13) -------- (B-8929)(3-9)

**ગંધર્વ હરીતકી વટી (કબજીયાત) + મધુવીન (ડાયાબીટીસ) + ગ્રીન ક્યોર ઓઈલ**

GH VATI માં રહેલ એરંડેલ તેલથી આંતરડામાં રૂક્ષતા આવતી નથી અને મળ તથા વાયુ સરળતાથી બહાર નીકળી જાય છે.

- મધુવીન ડાયાબીટીસ માટે અસરદાર ઔષધ છે. આમાં રહેલા આમળા, અર્જુન છાલ, હરડે, ગુડમાર પત્રી, ગળો, કડુ કરીયાતુ, જાંબુ અને મેથી વગેરે ઔષધીમાંથી બનેલી છે આનો નિયમિત વપરાશ ડાયાબીટીસને કંટ્રોલમાં રાખે છે.
- ગ્રીન ક્યોર ઓઈલ પીઠનો દુખાવો, સાંધાનો દુખાવો મુક્કો માર તેમજ શરદી અને માથાનાં દુખાવામાં ઉપયોગી છે.
- (૧) ગાલા કેમીસ્ટ, ફડકે રોડ, ડોંબીવલી (ઈ.) 9082172431 (૨) ટીંકુ બજાર, માર્વે રોડ, મલાડ (વે.) 9869517125 (૩) કેતન લકી સ્ટોર, એલ.એન. રોડ, માટુંગા. 9819035148. અન્ય માહીતી લક્ષ્મી સ્ટોર, ફણસવાડી, કાલબાદેવી. સંદીપ રાંભીયા-9869685226.

4/1/1(15) -------- (B-8926)(3-10)

**વોટસએપમાં / ન્યુઝ પેપરોમાં 'જાહેર ખબર' ઓછા ભાવે + સ્કીમમાં કરાવવા**

આપના ધંધાની, પ્રાર્થના સભાની, શ્રધ્ધાંજલીની, પ્રોપર્ટીની, નોટીસની, નોકરીની, મનોરંજનની, લગ્નની કોઈ પણ જાહેર ખબર પત્રીકામાં / અન્ય કોઈ પણ ભાષાનાં પેપરોમાં કરાવવા સંપર્ક : પુષ્પા વોરા (કાંદીવલી-ઘાટકોપર-ચર્નીરોડ) 9769491030, 9892007232. (મરણ નોંધ લઈશું) તથા પ્રાર્થના સભાનાં સંગીતનું કામ કરી આપશુ. ડીઝાઈન, વીડીયો, વેબસાઈટ, પેમ્પલેટસ બનાવી આપશું.

4/1/1(45) -------- (B-9001)(4-18)




## શૈક્ષણિક

**સમસ્ત જૈન સમાજનું નામ રોશન કરતી સમાજની સંસ્થા સોનગઢ રત્નાશ્રમ**

સમસ્ત જૈન સમાજનું નામ રોશન કરતી સમાજની જ એક અજાયબી એટલે સોનગઢ રત્નાશ્રમ. આજના સ્પર્ધાત્મક યુગમાં માતા-પિતા માટે જો કોઈ વિકટ પ્રશ્ન હોય તો તે છે પોતાના સંતાનો માટેનું શિક્ષણ, સંસ્કરણ અને કારકિર્દીનો પ્રશ્ન આ પાછળ જો કોઈ મુખ્ય જવાબદાર પરિબળ હોય તો તે આજની શિક્ષણ પદ્ધતિ છે. અને સોનગઢ ની આજની શિક્ષણ પદ્ધતિ થી વાકેફ ગામ- વાડાપધર / વિક્રોલી નાં માતુશ્રી અનસૂયાબેન પદમશી શાહ નાં સ્મરણાર્થે હસ્તે પૌત્ર શ્રી મેહુલભાઈ રાજેન્દ્ર ભુ. વી.પદમશી શાહ તરફથી સોનગઢ રત્નાશ્રમ ની વિદ્યાદાતા યોજનામાં રૂ.૪૪૦૦૦/- (ચાર વિદ્યાદાતા )નું અનુદાન મોકલી આપી ખૂબ જ અનુકરણીય કાર્ય કર્યુ છે. રત્નાશ્રમ પરિવાર દાતા પરિવાર ની હદયપૂર્વક અનુમોદના કરે છે. લિ. પંકજ ગોપાલજી ગાલા -કારોબારી સભ્ય-વડાલા-૯૮૨૧૨૯૯૦૯૯.

4/1/1(38) -------- (A-8992)(3-11)

**કચ્છી સર્વોદય નગર (ચેમ્બુર)માં ફ્લેટ વેચવાનો છે**

ચેમ્બુર કચ્છી સર્વોદય નગરમાં નવા બંધાતા ટાવરમાં (બીલ્ડીંગ નં. ૧) ચોથે માળે (ફ્લેટ નં. ૪૦૪ : ફર્સ્ટ ઓનર્સ) 2 BHK નો ફ્લેટ (૧૦૨૫ ફુટ કાર્પેટ) વેચવાનો છે. ડિસે. ૨૦૨૬માં પઝેશન. સંપર્ક : રમણીક ગોસર : મો. 9769799798.

4/1/1(9) -------- (B-8933)(3-12)

**Byculla Investors Unit**

Luxurious Spectacular Interiors, Ready OC Units. Palatial Size, Great Views. 3100 Cpt. 17 Cr++, 2500 Cpt. 12 Cr. ++, 12 Acre Township. Pool, Gym, Play Area beach Volleyball. Banquet, Largest Club House. Amit Gala + 918976908501.

4/1/1(2) -------- (B-8936)(3-13)

**?? હજી સુધી નથી આવ્યા ??**
**! છેડા બંધેજનાં ડિસ્કાઉન્ટ સેલમાં !**

બેસ્ટ ક્વોલીટી, તદન ન્યુ ડીઝાઈનર વેરાયટીઝ -ફ્રેશ સ્ટોક ! પ્યોર તથા સેમી, હેન્ડ બંધેજ તથા પ્રીન્ટેડ બાંધણી, પટોળા, ચણીયા ચોળી, દુપટ્ટા, ઘરચોળા, ડ્રેસ મટીરીયલ ભરપુર ડીસ્કાઉન્ટ !! અનેક બહેનો લાભ લઈ ગયા ! કેટલાક તો બબ્બે-ત્રણ ત્રણ વાર આવી ગાય !! તમે હજી સુધી નથી આવ્યા ?? આવા જેન્યુન સેલનો લાભ લેવનું ચુકી જશો તો પસ્તાશો ! ગણતરીનાં દિવસો બાકી ! પછી કહેતા નહીં કે અમને કહ્યું પણ નહીં !! - છેડા બંધેજ, દુ.નં. ૨, જહાંગીર બીલ્ડીંગ, J.M. સ્ટ્રીટ, પરેલ. T.T. Mo. 7208761864, 9920963990, 9820912638, 8689895125. (શો રૂમ દરરોજ ખુલ્લો : ૧૧ થી ૭)

4/1/1(41) -------- (B-8988)(3-14)

**બોરીવલી (વેસ્ટ) જાંબલી ગલીમાં મોકાની દુકાનો**

સ્ટેશન નજીક, સરસ મજાની મોકાની દુકાનો, ૧૪' હાઈટ, (૧ વર્ષમાં પઝેશન) (ભાવ ૧.૨૫ લાખ) ઈન્વેસ્ટર્સનો માલ. સંપર્ક : ધીરેન ભેદા-7666030111.

4/1/1(30) -------- (B-8972)(3-15)

# સંસ્થાકીય મિટીંગ

**શ્રી કચ્છ મોટી રાયણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ**

તા. ૯/૮/૨૬ રવિવાર ના રોજ સવારે ૯:૩૦ કલાકે મે., નવનીત એજ્યુકેશન, લિ. ભવાની શંકર રોડ, શારદાશ્રમ સ્કૂલ ની બાજુમાં, દાદર વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૨૮. મધ્યે અસાધારણ સામાન્ય સભા નિર્ધારિત કરવામાં આવેલ છે. સર્વે સભ્યોને સમયસર પધારવા વિનંતી.

- એજન્ડાઃ
- (૧) ગત સભાની નોંધ વાંચી બહાલી ની મંજુરી આપવા.
- (૨) મંત્રી શ્રી દિપક લક્ષ્મીચંદ ગડા ના અચાનક અવસાન ના કારણે સંસ્થામા 'ખાલી થયેલા' મંત્રી પદ માટે નવા મંત્રીની નિમણૂક કરવા બાબત.
- (૩) આવેલ રાજીનામા પત્ર પર ચર્ચા કરી ઘટતું કરવા બાબત.
- (૪) પ્રમુખશ્રીની મંજૂરીથી જે કોઈ રજૂઆત થાય તે.
- લિ. સ્મિત સંગોઈ - મંત્રી

2/1/1(23) -------- (A-8937)(4-1)

**શ્રી કચ્છ મોટી રાયણ મુંબઈ મહાજન**

તા. ૯/૮/૨૬ રવિવાર ના રોજ સવારે ૯:૦૦ કલાકે મે., નવનીત એજ્યુકેશન, લિ. ભવાની શંકર રોડ, શારદાશ્રમ સ્કૂલ ની બાજુમાં, દાદર વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૨૮ મધ્યે અસાધારણ સામાન્ય સભા નિર્ધારિત કરવામાં આવેલ છે. સર્વે સભ્યોને સમયસર પધારવા વિનંતી.

- એજન્ડાઃ
- (૧) ગત સભાની નોંધ વાંચી બહાલી ની મંજુરી આપવા.
- (૨) આવેલ રાજીનામા પત્ર પર ચર્ચા કરી ઘટતું કરવા બાબત.
- (૩) પ્રમુખશ્રીની મંજૂરીથી જે કોઈ રજૂઆત થાય તે.
- ખાસ નોંધઃ સવારે ૮:૩૦ કલાકે ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- લિ. નિતીન દામજી રાંભીયા, ધીરેન જેઠાલાલ શાહ - મંત્રીઓ

2/1/1(22) -------- (A-8938)(4-2)

**!! કુદરતી ઘુંટણને બદલો નહીં !!**

ઘુંટણને બચાવો ! વા, સાંધા, પગ, ઘુંટણ, સાયટીકા, સ્નાયુ, ચીકનગુનીયા તેમજ શરીરનાં દરેક દુઃખાવામાં સંપુર્ણ રાહત આપતી ૧૦૦% આયુર્વેદિક ગોળી ઘેર બેઠા મંગાવો. ૫ દિવસમાં પરીણામ દેખાશે. ૩૦ ગોળીનાં માત્ર 300/-, ટ્રાયલ પેક ૧૫ ગોળીના રૂા. 175/-. (કુરીયર ફ્રી) રમેશ છેડા-9653491577.

4/1/1(39) -------- (B-8991)(4-3)

**બોરીવલી (વે.) જાંબલી ગલીમાં પ્રીમીયમ ફ્લેટો**

દેરાસર નજીક ૩૮ માળનાં ટાવરમાં ૩ બેડરૂમ / ૪.૫ બેડરૂમનાં લક્ઝરીયસ ફ્લેટો. World Class એમીનીટીસ. ૭ પોડીયમ પાર્કીંગ. (બુકીંગ ચાલુ છે.) ભાવ ૩૨૫૦૦/- સંપર્ક : ધીરેન ભેદા-7666030111.

4/1/1(31) -------- (B-8971)(4-17)

**UNIVERSAL COURIER**
**"Since 1996"**

અમે લાવીએ છીએ દુનીયાને તમારા ઘર આંગણે સરળતાથી, સુરક્ષીત અને નિશ્ચિતપણે. U.K., U.S.A., CANADA અને ૨૦૦+ થી વધારે દેશોમાં કોઈ પણ જગ્યાએ પાર્સલ મોકલાવો. CALL - 9820338233, 8108808833, 7738501508. Contact : Biren Shethia, Jigna Chheda. Unbeatable Price. Unmatched Service.

4/1/1(3) -------- (B-8975)(4-4)

# નોકરી ખાલી છે

ગોરેગાંવ ખાતે લેડીઝ એથનીક અને કુર્તીનાં કારખાના માટે અનુભવી વ્યક્તિની જરૂર છે. સંપર્ક : વિરેન્દ્ર-9920642626.

4/1/1(2) -------- (R-8834)(4-5)

**દાદરમાં નોકરીની અદ્ભુત તક**

Boy's Shirts & Bottom નાં મેન્યુફેક્ચરર માટે બહારગામ ફરીને ઓર્ડર લાવી શકે તેવા નોકરી-કમીશન ઇચ્છુક વ્યક્તિ સંપર્ક કરે. કિશોર સાલીયા-9323039978.

4/1/1(8) -------- (R-8934)(4-6)

**ઘાટકોપર FOOD SPOT દુકાનમાં**

કાઉન્ટર અને જનરલ કામ માટે માણસો જોઈએ છે. (ઉંમર : ૨૦ થી ૪૦ વર્ષ સુધી) રૂબરૂ મળો : વિનોદભાઈ 'ફુડ સ્પોટ' મો. 9820042838.

4/1/1(10) -------- (R-8932)(4-7)

**યુવતી જોઈએ છે**

ટેક્ષ કન્સલ્ટન્ટની ઓફિસ માટે ડોંબીવલી રહેનાર B.com પાસ અનુભવી-બિન અનુભવી (વય મર્યાદા ૨૫ વર્ષ) યુવતી જોઈએ છે. સંપર્ક : 9820947529. રોહીત શાહ.

4/1/1(21) -------- (N-8939)(4-8)

**ગારમેન્ટ માટે માણસ જોઈએ છે**

દાદરમાં ગારમેન્ટના શોરૂમ માટે ૧૮ થી ૪૫ વર્ષની વયનાં અનુભવી-બિન અનુભવી અંદરનું બધુ જ કામ સંભાળે તેવા રેડીમેડ લેડીઝ કુર્તીઝ માટે માણસ જોઈએ છે. સંપર્ક : જિજ્ઞેશ શાહ-9821293264.

4/1/1(34) -------- (R-8969)(4-9)

**ઘાટકોપર...કેશીયર...**

ઘાટકોપર (ઈસ્ટ)માં સલવાર-કમીઝ-ઈન્ડો વેસ્ટર્ન ડ્રેસ મટીરીયલ્સની ડીઝાઈનર શોપ ઘાટકોપરમાં ઘણાં વર્ષોથી છે. શોપમાં કોમ્પ્યુટર પ્રોગ્રામ સાથે સ્ટોક મેનેજ કરી શકે, ફોન, મેલ K/s..ઈમેલથી એડવટાઈસ કરી શકે તેવા યુવા મેલ/ફીમેલ ફુલ ટાઈમ માટે સારા વળતરે આવકાર્ય છે. રાજુભાઈ-9869051527.

4/1/1(36) -------- (B-8978)(4-10)

**!! રસોઈ માટે બહેનની જરૂર છે !!**

અમારા ઘરે જૈન તથા રેગ્યુલર ગુજરાતી રસોઈ બનાવવામાં નિપુણતા, સ્વચ્છતા, સમયપાલન અને વિશ્વાસપાત્રતા વાળા, સવાર-સાંજ સમય મુજબ કામ કરવાની તૈયારી વાળા રસ ધરાવતા બહેનની જરૂર છે. સંપર્ક : 7506757242 અશોકભાઈ, કુર્લા (ઈસ્ટ)

4/1/1(40) -------- (B-8990)(4-11)

**જોઈએ છે - સેલ્સ બોઈઝ/સેલ્સ ગર્લ્સ**

સ્ટેશનરી, કટલરી, ટોઈઝ, ગેમ્સ માટે જાણીતા જન. સ્ટોરમાં અનુભવી/બિન અનુભવી સેલ્સ બોઈઝ/સેલ્સગર્લ્સ જોઈએ છે. યોગ્યતાનુસાર પગાર. રૂબરૂ મળો : મેઘદૂત જન. સ્ટોર, સન્મુખાનંદ હોલની બાજુમાં, સાયન ગાંધી માર્કેટ પાછળ. હેમંત હરીઆ : 9769966994. (અડોશ-પડોશ, ઓળખીતા જરૂરતમંદને પણ જાણ કરવા વિનંતી)

4/1/1(42) -------- (B-8989)(4-12)

**કાંદીવલીમાં : યુવક / યુવતી તેમજ ગ્રાફીક ડીઝાઈનર જોઈએ છે**

ઓફિસનાં તથા બહારનાં કામ માટે (૧૨મી/ ગ્રેજ્યુએટ) ૨૧ થી ૩૬ વર્ષનાં જોઈએ તેમજ ગુજરાતી-અંગ્રેજીનાં જાણકાર DTP /ગ્રાફીક ડીઝાઈનર. સંપર્ક : પુષ્પા વોરા-7506772541.

4/1/1(46) -------- (R-9000)(4-13)




**નોકરી માટે સુવર્ણ તક**

ફીલ્ડ સેલ્સ એક્ઝીક્યુટીવ માટે (ગુજરાત અને કર્ણાટક વિસ્તાર) સ્કોલર નોટબુક અને ડાયરી (ઉત્પાદન કંપની) ખાતે અનુભવી ઉમેદવારોની જરૂર છે. અમદાવાદ અને બેંગલુરુમાં રહેતા ઉમેદવારોને પ્રાધાન્ય જરૂરી લાયકાત.

- વેચાણ ક્ષેત્રનો અનુભવ ફરજિયાત
- દુકાને દુકાને મુલાકાત લઈને ઓર્ડર મેળવવાનો અનુભવ હોવો જોઈએ
- ગુજરાત અને કર્ણાટક વિસ્તારના બજારની સારી જાણકારી હોવી જોઈએ
- નવા ગ્રાહકો બનાવવા અને વેચાણ વધારવાની ક્ષમતા હોવી જોઈએ. પગાર અનુભવ મુજબ. રસ ધરાવતા ઉમેદવારો તેમનું CV નીચેના ઈમેલ પર મોકલે. hr@scholarstationery.com વધુ માહિતી માટે સંપર્ક કરો. પુજા શાહ-9892526281.

4/1/1(44) -------- (B-9002)(4-14)

**ટોપેક્સ આઈ કેર (વિલેપારલા ઈસ્ટ સ્ટેશન પાસે) મુંબઈનું સૌથી મોટુ લેઝર આઈ સેન્ટર**

તમારી આંખો, અમારી જવાબદારી. એક જ સ્થળે આખા પરિવારની આંખોની કાળજી બાળકો થી વૃદ્ધો સુધી - આંખોની સુરક્ષા ટોપેક્સ સાથે. સુવિધા - દરેક પ્રકારના આંખના ઓપરેશન- ચશ્માના નંબર કાઢવાના લેસિક ઓપરેશન, મોતિયાના ઓપરેશન, આંખના પડદાનો ઓપરેશન, ઝામર ના ઓપરેશન, ત્રાસી આંખના ઓપરેશન, દરેક પ્રકારના આંખોના સ્કેન - ઓ સીટી (OCT) સ્કેન, એચ વી એફ સ્કેન (HVF), આઈઓએલ (IOL) માસ્ટર, લેસિક સર્જરી માટે કોર્નીયલ ટોપોગ્રાફી (Topography), કોમ્પ્યુટરાઈઝ્ડ આંખના નંબરનું ચેકઅપ, આંખના પ્રેશર નું ચેકઅપ, ડાયાબિટીસના દર્દીઓ માટે આંખના પડદાનું ચેકઅપ, નાના બાળકો માટે સાયકલો રિફ્રેક્શન ચેકઅપ દરેક પ્રકારના આંખના લેઝર ની સુવિધા - ચશ્મા ના નંબર કાઢવાનું લેઝર, આંખના પડદાનું લેઝર, ઝામર ઓછું કરવાનુ લેઝર, મોતિયાના ઓપરેશન પછી છારી કાઢવાનુ લેઝર, મોતિયાના ઓપરેશન માટેનું લેઝર, દરેક પ્રકારના ઈન્સ્યોરન્સ નું કવરેજ મળશે. ઈએમઆઈ (EMI) માં પેમેન્ટ કરવા માટેનું ઓપ્શન મળશે. ચેકઅપ નું ચાર્જ ફક્ત રૂા. ૨૦૦ (પત્રિકાની જાહેરાત લાવવા વિનંતી) ડો. જીજ્ઞેશ મણશીભાઈ અવચર ગાલા ને મળવાનો સમય ૧:૦૦ વાગ્યા થી ૫:૦૦ વાગ્યા સુધી અને ડો. નમ્રતા જીજ્ઞેશ ગાલા ને મળવાનો સમય સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૭:૦૦ વાગ્યા સુધી. સરનામું : ૩૦૧, ટોપેક્સ આઈ હોસ્પિટલ, ટ્રિનિટી સ્ક્વેર, મોંઘી બાઈ રોડ, છેડા જ્વેલર્સ ઉપર, વિલે પાર્લે (ઈસ્ટ) સ્ટેશન પાસે, મુંબઈ-૪૦૦૦૫૭. સંપર્ક : 7045000503, 08591719982. આંખોની કાળજી લો, ચશ્મા મુક્ત જીવન તરફ આગળ વધો!

4/1/1(27) -------- (B-8950)(1-5)

**નારી સાડી જોગેશ્વરી (ઈસ્ટ) પ્રસ્તુત**

ઘરચોળા, બાંધણી, પટોળા, બનારસી સેલાનું ભવ્યાતિભવ્ય સેલ ૫૦% ડિસ્કાઉન્ટ.

- ૨૦૦૦નાં રીયલ ઘરચોળા માત્ર ૧૦૦૦૦ માં, ૩૦૦૦૦ ની કચ્છનાં કારીગરની મીનાકારી રાઈ બંધેજ સાથે બાંધણીઓ માત્ર ૧૫૦૦૦ માં, ૩૦૦૦૦ની રીયલ મીનાકારી પટોળા સાથે બાંધણીઓ માત્ર ૧૫૦૦૦ માં, ૩૦૦૦૦નાં રીયલ પટોળા માત્ર ૧૫૦૦૦ માં, ૪૦૦૦૦ની બનારસી બાંધણી સાથે ચણીયા ચોળી માત્ર ૨૦૦૦૦માં, ૧૧૦૦૦ રીયલ દુપટ્ટા માત્ર ૫૫૦૦ માં તેવી જ રીતે અસંખ્ય વેરાયટી ફાયદામાં. એડ્રેસ : શોપ નં. ૭, સેટેલાઈટ શોપીંગ, સ્ટેશન પાસે, જોગેશ્વરી (ઈ.) ફોન નં. 9372289928 શ્વેતા શાહ.

4/1/1(32) -------- (B-8970)(4-16)

**એક્યુપ્રેશર સ્પેશ્યાલીસ્ટ ડો. કીંજલ**

સાઈટીકા, સર્વાઈકલ સ્પોંડીલોસીસ, ફ્રોજન શોલ્ડર, આર્થરાઈટીસ, વર્ટીગો, કમર, માથાનો, ગોઠણનો દુખાવો કે અન્ય કાંઈ બીમારી માટે સંપર્ક : બોરીવલી-7208998122.

4/1/1(35) -------- (B-8977)(4-15)

# સૌમ્યમૂર્તિ વાત્સલ્યમૂર્તિ વેવાઈશ્રીને
# માનભીની આદરાંજલિ



## શ્રી જગશીભાઈ જેઠભાઈ છેડા

દેહ પરિવર્તન : તા. ૫/૮/૨૦૨૬

કચ્છ : મોટા લાયજા ✦ મુંબઈ : માટુંગા-સે.રે.

**આદર - આતિથ્યભાવની ફેલાવી હતી સુગંધ... મન ભળી ગયા હતા એવા અકબંધ...**
**જાણે લાગતા હતા, જન્મોજન્મના ઋણાનુબંધ...**

જેમની વાણીના મધુપાત્રમાંથી સ્નેહ-વાત્સલ્યતાના સ્પંદનો છલકાતા, સંબંધમાં મોભી વેવાઈ, પરંતુ આચરણમાં સૌમ્યશીલતાનો આવિષ્કાર કરાવનારા મુરબ્બી **શ્રી જગશીભાઈ** સંગેના મીઠપભર્યા સંભારણા ચિરસ્મરણીય રહેશે. એમના પ્રેમાળ-પુનિત આત્મા પ્રતિ ભાવવંદના સહ શ્રધ્ધા સુમન અર્પણ.

લિ. શોકમગ્ન : વેવાઈ પરિવારો

**શ્રીમતી રૂક્ષ્મણીબેન હીરજી નિસર ✦ વડાલા**
**શ્રીમતી નિર્મળાબેન નેમજી ગાંગજી ✦ બારોઈ**
**શ્રીમતી નિર્મળાબેન ભવાનજી દેઢિયા ✦ ગજોડ**

એવમ્ પરિવારજનો

(CLB-9007)

NILESH SHYAM SHAH : 9820763771

# શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ-દાદર (વે.)

સંચાલિત

## શ્રી કરશન લધુભાઇ નિસર જૈન ધર્મસ્થાનક ♦ શ્રી નવનીત જૈન હેલ્થ સેન્ટર

P.T. Reg. No. A-800/1952 (MUM), ૧૨, જ્ઞાન મંદિર રોડ, દાદર (વે.), મુંબઇ-૪૦૦૦૨૮.

Tel. 022 2438 2124 / 5 ♦ Email: jhcdadar@gmail.com ♦ Website: navneetjhc.com.


## દાદર સંઘને સહુનો ઉમળકા ભર્યો પ્રતિસાદ

હવેથી વાજિંત્ર સાથેની પ્રાર્થના માટે નીચે જણાવેલ કલાકારો સાથે મંજુરી અને સંમતિપૂર્વક રૂા. ૧૫,૦૦૦/-(રૂા. પંદર હજાર પ્રમાણે) રૂા. ૧૩,૦૦૦ કલાકારોના + રૂા. ૨,૦૦૦ સાઉન્ડ સિસ્ટમના નક્કી કરવામાં આવેલ છે, જેથી દુઃખદ પ્રસંગની ગરિમા સાથે આર્થિક કરકસર થઈ શકે. આ કલાકારોના નામ અને મો. નં. ફોટો સાથે નીચે આપેલ છે જેની નોંધ લેશો.



ભાવના વોરા (નારાણપર)
93222 23364



મનોજ કારાણી (ખારૂઆ)
98331 03519



નેહા ગડા (સાભરાઈ)
93223 13261



કેનીલ સંગોઈ (કપાયા)
98212 22007



રેશ્મા પાલા (જૂનાગઢ)
99679 07826



હીરલ નંદુ (માપર)
93228 89123

**સમાજના દુખઃદ પ્રસંગે પોતાનું રાહત દર સ્વીકારીને યોગદાન આપનાર દરેકે દરેક કલાકારોની દાદર સંઘ સરાહનાસહ આભાર માને છે.**



સુરેશ સોની (બાંભડાઈ)
93221 99497



ગીતા ઘરોડ (પત્રી)
98201 50687



નિપા જે. છેડા (કાંડાગરા)
98198 17581



દેવી ગાલા (નવાવાસ)
97696 90211



સંજય આર. ચવ્હાણ
98214 79719



**શ્રી દાદર પ્રાર્થના મહિલા મંડળ**
અથવા **સરગમ ગ્રુપ દાદર** હશે તો જ
(આ મંડળની સેવા હંમેશ મુજબ ફક્ત રૂા. ૨,૦૦૦/- માં ઉપલબ્ધ)
**શ્રી કરસનભાઈ લધુભાઈ નીસર હોલ (AC), ૧ લે માળે, ફ્રી**

**પ્રાર્થના સભા માટે હોલ ફ્રી**

**પ્રાર્થના સમય:** સવારના ૧૦.૩૦ થી ૧૨, બપોરે ૨.૦૦ થી ૩.૩૦

**સાંજના ૪ થી ૫.૩૦ ના સમય માટે નિયમ મુજબ ભાડું લેવામાં આવશે.**





### ખાસ વિશેષતા:

- પ્રાર્થના સભા માટે શ્રી સંઘ દ્વારા નવા સુધારા-વધારા સાથે સહુને માટે ખુરશીઓની વ્યવસ્થા કરેલ છે, જેથી દરેકને બેસવા માટે સુગમતા થયેલ છે.
- દાદર (વેસ્ટ) મુંબઈનો મધ્ય એરીયા હોવાથી અને બન્ને રેલ્વે તથા મેટ્રો લાઈન થી જોડાયેલ છે જેથી આવવા જવા માટે સહુને સુવિધા.
- મોંઘવારીમાં ઓછા ખર્ચે સારા હોલમાં પ્રાર્થના જેવા દુઃખદ પ્રસંગ માટે અનુકુળતા.
- ચા-પાણી-પ્રભાવનાની વ્યવસ્થા નજીવા દરે સેવા અને માર્ગદર્શન સાથે.
- સવારની પ્રાર્થના માટે સાદુ જમણ-ફક્ત રૂા. ૧૦૦/- વ્યક્તિદીઠ.
- શરતોને આધિન અમુક ફેરફાર શક્ય છે.
- પ્રાર્થના એક એવો પ્રસંગ છે જયાં કોઈ નિમંત્રણની જરૂર ન હોય પણ આત્મિય ભાવ, સ્નેહી સંબંધ અકબંધ જળવાઈ રહે એ હેતુથી આ સેવાનો લાભ વધુ ને વધુ લોકો લે.
- દિવંગત વ્યક્તિની પ્રાર્થના સભા રાખવાથી ઘરે આવન-જાવન ઓછી થઈ, પરિવારજનોને અનુકુળતા થાય છે. દરેકને પોતાની જવાબદારી સંભાળવાની હોય છે તેથી જલ્દી રૂટીન કામમાં પરોવાઈ જવાય છે. ખાસ કરીને બાળકોને અભ્યાસક્રમમાં ખલેલ પણ નિવારી શકાય છે.

**આ જાહેરાત** આપ આપના મોબાઈલમાં સ્ટોર કરી લેજો, ભવિષ્યમાં આપને અથવા અન્યોને ઉપયોગી થશે.

**કોઈ પણ વધારાના ચાર્જ વગર સગવડો:**

- સિક્યોરીટી, CCTV, પ્યોર વોટર કુલર, ચપ્પલ સ્ટેન્ડ, ખુરશીઓ, ચા-કોફી રાખવી હોય તો માટે ટેબલ વ્યવસ્થા, કુંટુંબીઓને બેસવા માટે પ્લેટફોર્મ (જે આપ તસ્વીરમાં જોઈ શકશો.)

**નમ્ર નિવેદન:** સંઘ દ્વારા ચાલતી મેડિકલ સેવા, ચશ્માનું રાહત દરે વેચાણ, વર્ધમાન મેડિકોમાં રાહત દરે દવાઓ, મિઠાઈ ફરસાણનું વેચાણ વગેરે સેવાઓનો સહુને લાભ લેવા વિનંતી.

(CLB-8931)

આ સંસ્થાને અપાતું દાન 80G એક્ટ હેઠળ કર માફીને પાત્ર છે. ♦ CSR ફંડ આવકાર્ય.

લિ. ટ્રસ્ટીઓ

VIRA DIGITAL - 9819 69 0022

# શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘ

## શ્રી સંઘના ભૂતપૂર્વ પ્રમુખ – ટ્રસ્ટી
## શ્રી જગશીભાઈ છેડા ને ભાવભીની શ્રદ્ધાંજલી



**શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા**

**(લાયજા – માટુંગા)**

દેવલોકગમન : તા. ૫–૮–૨૦૨૬

**શ્રી માટુંગા સંઘના ભૂતપૂર્વ પ્રમુખ-ટ્રસ્ટી**
**શ્રી જગશીભાઈ છેડા એ**
**અઢી દાયકાથી વધુ સેવા આપીને**
**સંઘના અનેક કાર્યો**
**સફળતાપૂર્વક પાર પાડ્યા છે.**

**સંઘની દરેક પ્રવૃત્તિઓમાં અમુલ્ય ફાળો આપનાર**
**પરિવારના શ્રેષ્ઠી શ્રી જગશીભાઈએ**
પરીશ્રમ, માનવતા અને કરૂણાના
સદ્દગુણોથી જીવન મહેકાવ્યું.
આપ અમને બધાને આદર્શો માટે પ્રેરિત કર્યા,
આપનું દરેક કાર્ય અમારા માટે પ્રેરણાસ્તોત્ર હતું.
આપના માર્ગદર્શનમાં જ
અમે સર્વાંગી વિકાસ સાથે સમૃદ્ધ થયા છીએ.
આપની યાદો અમારા હૃદયમાં
અવિસ્મરણીય બની રહેશે.
તમારૂ સ્મરણ... તમારી યાદો... તમારી દીર્ઘદ્રષ્ટિ...
અમારી હિંમત, વિશ્વાસ અને શક્તિ છે.
હે પરમાત્મા ! શ્રી જગશીભાઈના આત્માને
પરમ શાંતિ આપજો અને
જલ્દીથી આ ૮૪ના ભવફેરામાંથી મુક્ત થઈ
મોક્ષધામી બનાવજો એજ અભ્યર્થના...

સંઘ ઉત્કર્ષ માટે હરહંમેશ નીતનવું અનુમોદનીય સેવા કાર્ય તથા
સંઘને નિઃસ્વાર્થ રાહબર બની રાહ ચિંધવાનું પુણ્યશાળી કાર્ય કરનાર
શ્રી જગશીભાઈ છેડા ને સકલ શ્રી માટુંગા સંઘવાસીઓની વિનમ્ર ઋણાંજલી...

**લી. : શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતામ્બર જૈન સંઘ**
**ચેરમેનશ્રી, પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ તથા કારોબારી સભ્યો**

(CLB-8968)

BINITA S. MARU - 9869034162

# સ્નેહી સ્વજન પૂજ્ય વડીલશ્રીની વસમી વિદાય

**દિવ્ય આત્માશ્રીને શ્રદ્ધા સુમન**

## શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા

**મોટા લાયજા – માટુંગા** દેહવિલય : તા. ૫-૮-૨૦૨૬



જેમના મિલનસાર સ્વભાવથી સૌ સુપરિચિત હતા...
જેમના ઉત્સાહ... આનંદના સૌ સાક્ષી હતા...
જેમના વિવેકગુણના સૌ જાણનારા હતા...
જેમની નમ્રતાના સૌ નમનારા હતા...
જેમના મીઠા મલકાટને સૌ પીનારા હતા...
તેવા અમારા સ્નેહી જગશીભાઈને વંદના...
પારકાને પોતાના કરે એવી તમારી માયા...
આવ્યું અનંતનું તેડું ને મુકી ચાલ્યા જગતની માયા...
હે પરમકૃપાળુ પરમાત્મા આ પુણ્યાત્માને આપજો પરમ શાંતિ...

**લિ. આત્મીય સ્નેહી સ્વજન**

## અંજના અશ્વિન કાનજી શાહ (નલીયા – પનવેલ)

**A K & Co. - Khalapur, Panvel**

(CLNMB-8960)

BINITA S. MARU - 9869034162

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ હૃદયપૂર્વક ભાવાંજલી...



## અ.સૌ. કલ્પનાબેન હસમુખ ગડા

નવાવાસ (દુર્ગાપુર) – મલાડ    અરિહંત શરણ : તા. ૦૮-૦૮-૨૦૨૫

સ્તબ્ધ જીવન, શૂન્ય મન... તારા વિના દુર્લભ ક્ષણ ક્ષણ...
અગર તું ન આવે, તો વણઝાર યાદની શાને મોકલાવે?
હજું પણ મન માનતું નથી કે... તું મારી સાથે નથી...

**જીવનસાથી : હસમુખ નાનજી દેવજી ગડા (નવાવાસ)**

એક લીલું પાંદડું ક્યાંક જોયુ અને મમ્મી તું યાદ આવી...અમ પરિવારનો લીલુંછમ બનાવનાર,મમ્મી, તું યાદ આવી...
હેતની તલાવડી સમ સહુને સ્નેહમાં ભીંજવનાર, મમ્મી તું યાદ આવી...ક્યાંક ઈશ્વરની પ્રતિમા જોઈ, અને મમ્મી તું યાદ આવી...
હવે એના દરબારમાં સ્થાન શોભાવનાર મમ્મી, તારી યાદ અમને હરહંમેશ આવશે...

**પુત્ર-પુત્રવધુ :** જીનલ ધૈર્ય હસમુખ ગડા ▪ **પૌત્ર :** જીયાંશ ધૈર્ય ગડા
**પુત્રી-જમાઈ :** ધ્વની (જુલી) CA મિતેન પ્રદીપ વોરા (ગુંદાલા) ▪ **દોહિત્રી :** ઝીવા CA મિતેન વોરા

જેના વચનોના માધુર પાત્રમાંથી પ્રેમ–સ્નેહ અને આત્મીયતાના સ્પંદનો છલકાતા,
સૌ પ્રત્યે આદર–આતિથ્ય, હંમેશા હસતો ચહેરો, સહુ સાથે હળીમળીને રહેતા,
તમારો મિલનસાર સ્વભાવ હરઘડી યાદ આવ્યા કરે છે..

| | | |
|---|---|---|
| સાસુ–સસરા | : માતુશ્રી કેસરબેન નાનજી ગડા | ...... નવાવાસ |
| માતા–પિતા | : તારાબેન દેવજી ગાંગજી છેડા | ..... મોટી ખાખર |
| જેઠ–જેઠાણી | : તારાબેન વસંત નાનજી ગડા | ........ નવાવાસ |
| નણંદ–નણંદોઈ | : વાસંતી એડ. રમેશ લાલજી સોની | ...... વડાલા |
| | સરોજબેન ચેતન કલ્યાણજી મોતા | ...... ફરાદી |
| ભાઈ–ભાભી | : આશાબેન અનિલ દેવજી છેડા | .... મોટી ખાખર |
| વેવાણ–વેવાઈ | : મંજુલાબેન પ્રવિણ પોપટલાલ દેઢિયા | ... ભુજપુર |
| | દમયંતીબેન પ્રદીપ મગનલાલ વોરા | .... ગુંદાલા |

(CLB-8962)

કલબલથી ગુંજતું ઘર, દેતું આનંદ અવસર,
માત્ર સાલે છે એક તમારી ગેરહાજરી...

BINITA S. MARU - 9869034162

# શ્રી જીવરાજ ભાણજી શાહ સ્મારક ટ્રસ્ટ – મુલુંડ

## ચેરમેન સ્વ. શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા ને

## શ્રદ્ધાસુમન અર્પણ...

### અવિરત સેવાના ત્રણ દાયકાનો અવિસ્મરણીય વારસો...

૩૦ વર્ષ (૧૯૯૬-૨૦૨૬) સુધી ચેરમેન તરીકે આપેલ આપનું સમર્પિત નેતૃત્વ સંસ્થાના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત રહેશે...

આપ માત્ર ચેરમેન નહોતા, પરંતુ સંસ્થાની દિશા, દ્રષ્ટિ અને શક્તિ હતા. દીર્ઘદ્રષ્ટિ, અનુભવી માર્ગદર્શન, અડગ નિર્ણયશક્તિ જેવા અનેક ગુણો આપશ્રીમાં હતા.

આપની અમૂલ્ય સેવાઓ અને આપેલ માર્ગદર્શન આવનારી પેઢીઓ માટે સદાય પ્રેરણાસ્ત્રોત બની રહેશે...

પરમાત્મા આપના પવિત્ર આત્માને કર્મયોગે સદ્‌ગતિ અને શાશ્વત શાંતિ આપે તથા પરિવારજનોને આ અપૂરણીય વિયોગ સહન કરવાની શક્તિ આપે એજ પ્રભુને પ્રાર્થના.

**ભાવભીની શ્રદ્ધાંજલિ...**



## શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા

**(મોટા લાયજા – માટુંગા)**

અરિહંત શરણ : તા. ૫-૮-૨૦૨૬

### શ્રધ્ધાંજલી પુષ્પો અર્પણ કરતા ટ્રસ્ટીઓ

રાજેશ ખીમજી શાહ (મોટી રાયણ)
વલ્લભ પ્રેમજી શાહ (લઠેડી)
જાદવજી મોણશી સાલીયા (નાની ખાખર)
અરવિંદ મેઘજી છેડા (મોટા લાયજા)
નવીન ઉમરશી ગંગર (નાંગલપુર)
અરવિંદ લક્ષ્મીચંદ છેડા (મોટા લાયજા)
શાંતિલાલ શામજી સાવલા (રામાણીયા)
એવમ્ સર્વે કર્મચારીગણ

(CLB-8966)

BINITA S. MARU - 9869034162

# અમારા મોભી જમાઈરાજને ભાવભીની શ્રદ્ધાંજલી

જેમની છત્રછાયામાં સમસ્ત પરિવાર
ચંદ્ર જેવી શીતળતા અનુભવતો હતો.

## શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા

ગામ : મોટા લાયજા ▪ હાલે : માટુંગા

અરિહંત શરણ : તા. ૫-૮-૨૦૨૬



ધર્મ અને કર્મને જીવનમાં વણી લઈને
સૌ પ્રત્યે પ્રેમ-લાગણી-સદ્ભાવ અને
વાત્સલ્ય સાથે સાંસારીક ફરજોને અદા કરી
મનુષ્ય ભવને સાર્થક કર્યુ...
કુટુંબના સત્કાર્યોમાં સમર્પિત શ્રી જગશીભાઈ
કદી ન વિસરાય એવી યાદો મુકી ગયા...
અંતરે સ્મૃતિ કેરા ધબકારા હજીય સંભળાય છે..
હે પ્રભુ ! દિવ્ય આત્માને પરમ શાંતિ આપજો...

સમયની સરિતાના નીર વહી જશે,
આયુષ્ય પવનના વાયરાની જેમ વહી જશે,
પણ આપની ચૈતન્યશીલ સ્મૃતિઓ સદાય
અમારી ચેતનાને ઝંકૃત કરતી રહેશે.
ગડા પરિવાર ની શ્રી જગશીભાઈને હૃદયભીની શ્રધ્ધાંજલિ.

## સાસુ-સસરા : માતુશ્રી વેલબાઈ ખીમજી થોભણ ગડા પરિવાર (મોટા લાયજા)

### પ્રભાબેન શાંતિલાલ ખીમજી ગડા

ભત્રીજા-ભત્રીજાવહુ
અમી બિપીન ગડા (કેનેડા)
નલીની નીતિન ગડા

ભત્રીજી - ભત્રીજીવર
સરોજ ગીરીશ પોલડીયા (તલવાણા)
ગીતા રવિ ગાલા (પત્રી)

### વિમલાબેન નવીન ખીમજી ગડા

ભત્રીજા-ભત્રીજાવહુ
સંગીતા હિતેન ગડા
રશ્મિ જીતેન ગડા

ભત્રીજી - ભત્રીજીવર
ભાવના સમીર નાગડા (બિદડા)
સ્વ. જીજ્ઞા નવીન ગડા

### જયાબેન નેમચંદ ખીમજી ગડા

ભત્રીજા-ભત્રીજાવહુ
રિંકુ ચિરાગ ગડા (વડોદરા)
સેજલ જતીન ગડા (વડોદરા)

ભત્રીજી - ભત્રીજીવર
સુનયના પ્રણવ ભટ્ટ (વડોદરા)

(CLB-8957)

BINITA S. MARU - 9869034162

મેરૂ હાઈટ્સ કો.ઓ.હા. સોસાયટી (માટુંગા)ના : અમારા વડીલ મુરબ્બીશ્રી

# શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડાને

# અંતરભીની આદરાંજલિ

સ્વર્ગારોહણ : તા. ૫.૮.૨૦૨૬

કચ્છ : **મોટા લાયજા** ✦ મુંબઈ : **માટુંગા-સે.રે.**



સ્વભાવમાં સૌમ્યતા, નાના-મોટા સૌ પ્રત્યે સ્નેહભાવ ધરાવનારા, ગામ, સમાજ - શાસનના કાર્યોમાં સદૈવ તન-મન-ધનથી સમિર્પત રહેનારા આદરણીય વડીલશ્રી **જગશીભાઈ**ના દુ:ખદ અવસાનથી શોકની લાગણી અનુભવીએ છીએ. સદ્‌ગતશ્રીનો પુનિત આત્મા સિધ્ધ પદને પામો એજ પ્રાર્થના સહ શ્રધ્ધા સુમન અર્પણ.

લિ. **મેરૂ હાઈટ્સ કો.ઓ.હા. સોસાયટી (માટુંગા-ઈસ્ટ)**ના રહેવાસી આત્મીયજનો

૨૬૮, તેલંગ રોડ, માટુગા (સે.રે.), મુંબઈ-૪૦૦૦૧૯.

| | |
|---|---|
| **હીરાબેન બકુલ ઊમરશી ગંગર**<br>નાગલપુર | **નાનુબેન દેવશી દેવરાજ ગડા**<br>લાકડીયા |
| **પ્રવિણાબેન કાંતિલાલ નાનજી કારાણી**<br>ડુમરા | **મીતાબેન બિરેન વલ્લભજી સાવલા**<br>કોડાય |
| **નંદાબેન પ્રવિણભાઈ લક્ષ્મીદાસ માનનીયા**<br>માંડવી | **ભુવનાબેન K.G. કૃષ્ણમૂર્તિ**<br>માટુંગા |
| **લતાબેન હેમંતભાઈ જૈન**<br>સાદડી - રાણકપુર | **કૌશલભાઈ ઠક્કર**<br>માટુંગા |

(CLB-9010)

એવમ્ પરિવારના સર્વે સદસ્યો

છગન છેડા : 9322263819

વડીલતુલ્ય માર્ગદર્શક, આત્મીય સહયાત્રી અને
ભૂતપૂર્વ વ્યવસાયિક સાથીદારને

# ભાવભીની અશ્રુભીની શ્રદ્ધાંજલિ

# શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા

(મોટા લાયજા-માટુંગા)

અરિહંત શરણ : તા. ૫-૮-૨૦૨૬



જ : જીવનને જનકલ્યાણ અને સદાચારથી સુગંધિત કરનાર...

ગ : ગહન પ્રેમ, ગાઢ વિશ્વાસ અને ગૌરવશાળી વ્યક્તિત્વના ધની...

શી : શિખર સમાન સિદ્ધાંતોની અમૂલ્ય વારસાગાથા આપનાર...



વ્યવસાયની ભાગીદારી તો વર્ષો પહેલાં શરૂ થઈ હતી,
પરંતુ સમય જતાં એ સંબંધ વિશ્વાસ, સ્નેહ અને
પરિવારની આત્મીયતામાં પરિવર્તિત થયો.
આજે એવા વડીલતુલ્ય શ્રી જગશીભાઈની
વિદાય માત્ર એક વ્યક્તિની વિદાય નથી,
પરંતુ એક ઉમદા વ્યક્તિત્વ અને
નિઃસ્વાર્થ સંબંધની વિદાય છે.
પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ અર્પે અને
અમને તેમના આદર્શોને જીવનમાં ઉતારવાની
શક્તિ આપે એ જ હાર્દિક પ્રાર્થના.

(CLB-8965)

લિ. કલ્યાણ ગ્રુપ

પ્રકાશ કર્ણીક (ડોંબિવલી)    સંદીપ વૈદ્ય (ડોંબિવલી)

ભારતી મુલચંદ દામજી મારૂ    હંસા ધીરજ દામજી મારૂ    રશ્મી ભરત દામજી મારૂ

(ડોણ - મુલુંડ)

BINITA S. MARU - 9869034162

# સંબંધ માત્ર વ્યવસાયનો નહોતો,
# લાગણીઓનો હતો...એવા કાકાતુલ્ય પિતાશ્રી

આદરણીય શ્રી જગશીકાકાને કોટિ કોટિ વંદન

કચ્છ
મોટા લાયજા



મુંબઈ
માટુંગા

# શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા

અરિહંત શરણ : તા. ૫-૮-૨૦૨૬

પરિવાર જોડે સ્થાપાયેલ આત્મીયતાના સંબંધો વડે
વડિલ તરીકેની ભૂમિકામાં આપ એવા એકાગ્ર રહ્યા કે
આપણી દરમિયાન વ્યવસાયિક સગપણની વ્યાખ્યાનો લોપ થઈ ગયો.
સજ્જનતા અને સહૃદયતાના આપના શીખવેલ પાઠ સદૈવ અમારી જોડે રહેશે.
એના અનુસરણ કરી આપના સંસ્મરણોને કાયમી જીવંત રાખશું.
આપની પુનિત આત્માને પરમ પદ પ્રાપ્ત હોજો....

(CLB-8964)

**Shah & Chheda Realty** (Nerul - Navi Mumbai)
**Gaurav Gas Station** (Nerul - Navi Mumbai)

## અ.સૌ. મધુબેન અરવિંદ લક્ષ્મીચંદ છેડા (લાયજા – મુલુંડ)

અ.સૌ. જેનીતા ગૌરવ અરવિંદ છેડા — અ.સૌ. ખુશ્બુ ફેનીલ અરવિંદ છેડા
નિત્ય -નિરાગ ગૌરવ છેડા — કિમાયા ફેનીલ છેડા

BINITA S. MARU - 9869034162

# અમારા રાહબર એવા ભાગ્ય વિધાતા ને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



લાયજા

માટુંગા

# શ્રી જગશીભાઈ જેઠાભાઈ ખેતુ છેડા

**જીવનયાત્રા : ૨૭/૦૭/૧૯૩૬ થી ૦૫/૦૮/૨૦૨૬**

આપની સાથે રહીને અનુભવ્યુ... વ્યવસાય માત્ર લેવડદેવડનો સંબંધ નથી; તે વિશ્વાસ, મૂલ્યો, આત્મીયતા અને વર્ષોના સાથથી બંધાયેલું એક અમૂલ્ય બંધન છે. કાકા સાથેનો અમારો સંબંધ પણ એવો જ હતો.

આપ માત્ર સફળ પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ નહોતા, પરંતુ વ્યવસાયમાં પ્રામાણિકતા, વચનપાલન, ઉદારતા અને માનવતાના જીવંત પ્રતીક હતા. આપના અનુભવભર્યા શબ્દો અનેક મુશ્કેલ ક્ષણોમાં માર્ગદર્શન બની રહ્યા.

આપની સાથે પસાર કરેલી અસંખ્ય બેઠકો, વિચારોની આપ-લે, હાસ્યથી ભરેલી ક્ષણો અને સ્નેહભર્યો વ્યવહાર આજે સ્મૃતિ બનીને હૃદયને ભીંજવી જાય છે.

આપના વિયોગથી પરિવારના મોભી, હિતેચ્છુ વડીલ, સાચા માર્ગદર્શક અને આત્મીય સાથીની ખોટ અનુભવાઈ રહી છે. આપના સંસ્કારો, સિદ્ધાંતો અને જીવનમૂલ્યો અમને હંમેશાં પ્રેરણા આપતા રહેશે.

પરમાત્મા દિવંગત પુણ્યાત્માને પોતાના ચરણોમાં શાશ્વત સ્થાન અર્પે.

આપની સ્મૃતિઓ અમારા વ્યવસાયિક જીવનમાં સદાય પ્રકાશપુંજ બની રહેશે.

(CLB-8984)

**મનોર ગ્રુપ (પેટ્રોલિયમ) | શિવમ ડેવલપર્સ (કન્સ્ટ્રક્શન)**

**યુનિવર્સલ ગ્રુપ (પેટ્રોલિયમ) | છેડા એસ્ટેટસ LLP (કન્સ્ટ્રક્શન)**

Address: 218, Prem Baug, Sir Bhalchandra Road, Matunga, Mumbai 400019

NEEL PARI - 9322299742

# રિધ્ધી સિધ્ધી જ્વેલર્સ - ઘાટકોપર

35 Years of TRUST

**૩૫ વર્ષના અતૂટ વિશ્વાસ બદલ**
**અમારા તમામ ગ્રાહકો અને સ્વજનોનો**
**હૃદયપૂર્વક આભાર.**

આપનો વિશ્વાસ જ અમારી ઓળખ અને અમારી સૌથી મોટી મુડી છે.

આવનારા વર્ષોમાં પણ એજ વિશ્વાસ સાથે
અમે આપની સેવામાં સમર્પિત રહીશુ.

**RIDDHI SIDDHI JEWELLERS**
ESTD. 1991 (CLC-8967)

Shop No. 12/A, Gayatri Dham,
Derasar Lane, Opp. Union Bank,
Ghatkopar (E), Mumbai - 400 077.
**+91 87678 63132, 72084 41312**

BINITA S. MARU - 9869034162



# C. V. O. CHARTERED & COST ACCOUNTANTS' ASSOCIATION

304, Jasmine Apartment, Dada Saheb Phalke Road, Dadar (East), Mumbai - 400 014. Mobile: (+91) 9167928622 - 9867687985 • E-mail : info@cvoca.org • Website : www.cvoca.org
Follow us on : @cvocain @CVOCA Association http://bit.ly/cvocayt

PROFESSIONAL EXCELLENCE

*Online*
## COMPANY LAW REFRESHER COURSE 2026

**The Skill Development & Professional Updates Committee** *is glad to announce...*

**WHO SHOULD ATTEND?**
Company Secretaries | Chartered Accountants | CA Articles | CS Students | Accountants | Finance Professionals

**5-Day Corporate Law Programme**
- Incorporation and Basic corporate compliance
- Choosing the Right Business Structure & Capital Planning
- Corporate Governance - Powers, Restrictions & Financial Discipline
- Board Processes & Secretarial Compliances
- Corporate Borrowing & Financial Regulations

**COURSE DATES:** 17th August to 21st August 2026

**ONLINE BATCH TIMINGS:** 5:00 PM – 7:00 PM

**EARLY BIRD INVESTMENT** (Till 12th August): ₹1,500 + 18% GST — SAVE ₹500

**REGULAR INVESTMENT** (From 13th August): ₹2,000 + 18% GST

**RECORDED LECTURES** : Available for 15 Days

COMPANY LAW

REGISTRATION LINK https://rzp.io/rzp/colaw

SCAN TO REGISTER

For Details Contact: CA Jill Shah: +91 98207 65435 CA Ankur Gada: +91 97730 33487

*Empowered by Tech, Driven by Values - Team CVOCA*

પત્રિકા જાહેરાત સૌજન્ય

**Mitsu Chem Plast Ltd.**
Blow Moulding | Injection Moulding | Custom Moulding
www.mitsuchem.com sales@mitsuchem.com
Mitsu

(CLB-8978)

Mital J Chheda 9869706471

અષાઢ વદ - ૧૧, શનિવાર, તા. ૦૮-૦૮-૨૦૨૬ | www.kutchipatrika.org ખબર પત્રિકા 17

# છેડા પરિવારના પરિમલમૂર્તિનું પરલોક ગમન

## અમર સ્મૃતિ વંદના



કચ્છ
**મોટા લાયજા**

મુંબઈ
**માટુંગા-સે.રે.**

# શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા

જીવનયાત્રા : તા. ૫.૧૦.૧૯૩૬ - તા. ૫.૮.૨૦૨૬ • ઉં.વ. ૯૦

